# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨ - suratdeo@gmail.com

Web :-www.suratdeo.org

ક્રમાંક:મા-૨/૨૦૨૬/૧૦૪૦૫ તા.૩૧/૦૭/૨૦૨૬

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
આંગણવાડી, કોલેજો, આઈ.ટી.આઈ. તમામ,
જિલ્લો-સુરત.

વિષય:- તા.૦૧/૦૮/૨૦૨૬ને શનિવારના રોજ વધુ વરસાદ અંગેની આગાહીના કારણે વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા/નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વધુ આવવાની આગાહી હોવાના કારણે રજા રાખવા બાબત.

સંદર્ભ:- માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરતના તા.૩૧/૦૭/૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક:એમ.એ.જી./ભારે વરસાદ/વશી.૪૭૭૮/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત જાહેરનામાં અન્વયે જિલ્લા કક્ષાએથી મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકા/નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ વરસાદ અંગેની આગાહી હોવાનાં કારણે શાળાઓ, આંગણવાડી, કોલેજો, આઈ.ટી.આઈ.માં તા.૦૧/૦૮/૨૦૨૬ને શનિવારના રોજ શાળાઓ, આંગણવાડી, કોલેજો અને આઈ.ટી.આઈ.માં વિદ્યાર્થીઓ અને ફરજ બજાવતાં તમામ કર્મચારીઓ માટે રજા રાખવા જણાવવામાં આવે છે.

ઉક્ત સંદર્ભદર્શિત જાહેરનામાનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

નોંધ:- આ અગાઉ અને આજે જાહેર કરેલ રજાનાં શિક્ષણ કાર્ય માટે પછીથી જે જાહેર કરવામાં આવે તે રજાના દિવસોમાં અથવા શાળા કક્ષાએ સ્થાનિક રજા અથવા અન્ય રજાના દિવસે નિર્ણય લઇ શૈક્ષણિક કાર્ય શરુ રાખવાનું રહેશે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત, જિ.સુરત

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ.સુરત

જિલ્લા શિક્ષણાધિકારી, સુરત ગ્રામ્ય
સુરત, જિલ્લો-સુરત

જિલ્લા શિક્ષણાધિકારી, સુરત શહેર
સુરત, જિલ્લો-સુરત

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનો હુકમ ::

નં.એમએજી/ભારે વરસાદ/વશી.૪૭૭૮/૨૦૨૬
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા.૩૧/૦૭/૨૦૨૬

હુકમ:-

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા.૩૧/૦૭/૨૦૨૬ તથા તા.૦૧/૦૮/૨૦૨૬ દરમિયાન અત્રેના સુરત જિલ્લામાં વાવાઝોડાની સંભાવના સાથે ભારેથી અતિભારે વરસાદ અંગે રેડ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે. હવામાન વિભાગની આગાહીને ધ્યાને લઈ જિલ્લામાં ભારે વરસાદ તથા તોફાની પવનને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેમજ વિદ્યાર્થીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવાના હેતુસર સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં આવેલ આંગણવાડીઓ, સરકારી તથા ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ., કોલેજો, ખાનગી ટ્યુશન ક્લાસીસ/કોચીંગ કલાસીસ તથા અન્ય તમામ ખાનગી અને જાહેર શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવું જરૂરી જણાય છે.

વાસ્તે હું તેજસ પરમાર, જિલ્લા મેજીસ્ટ્રેટ, જિ.સુરત ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર સુરત જિલ્લાના હદવિસ્તારમાં શહેરી વિસ્તાર સહિત તમામ તાલુકાઓમાં આવેલ આંગણવાડીઓ, સરકારી તથા ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ., કોલેજો, ખાનગી ટ્યુશન ક્લાસીસ/કોચીંગ કલાસીસ તથા અન્ય તમામ ખાનગી અને જાહેર શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા ફરમાવું છું.

<u>વિસ્તાર</u>:- સમગ્ર સુરત જિલ્લા હદ વિસ્તાર (શહેરી વિસ્તાર સહિત).

<u>સમયગાળો</u>:- તા.૩૧/૦૭/૨૦૨૬ અને તા.૦૧/૦૮/૨૦૨૬ ના રોજ.

<u>શિક્ષા</u>:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા સુરત જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

DISTRICT MAGISTRATE જીલ્લા મેજીસ્ટ્રેટ સુરત SURAT

TParmar
જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

પ્રતિ,

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરત તરફ જાણ તથા જરૂરી અમલવારી કરવા સારૂ.
(૨) જિલ્લા જજશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, સુરત.
(૩) જિલ્લા સરકારી વકીલશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, સુરત.
(૪) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., નવાગામ, સુરત.
(૫) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., પાલ, સુરત.
(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત.

Scanned with OKEN Scanner

(૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત(ઉત્તર)/સીટી પ્રાંત (દક્ષિણ)/ ઓલપાડ/ કામરેજ/ બારડોલી/માંડવી, જિ.સુરત તરફ.

(૮) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી ચોર્યાસી/અબ્રામા/ઓલપાડ/કામરેજ/પલસાણા/ બારડોલી/મહુવા/અંબિકા/માંડવી/અરેઠ/માંગરોળ/ઉમરપાડા, જિ.સુરત તરફ.

(૯) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, સુરત/બારડોલી/કામરેજ/માંગરોળ.

(૧૦) ચીફ ઓફિસરશ્રી, નગર પાલિકા બારડોલી, કડોદરા, તરસાડી, માંડવી, જિ.સુરત.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૩) પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ જાણ સારૂ.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માહિતી નિયામકશ્રી, સુરત તરફ.
૨/- સ્થાનિક અખબારોમાં વિના મુલ્યે પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.

(૨) મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા.
૨/- ગેઝેટમાં પ્રસિધ્ધિ આપી તેની નકલો મોકલવા વિનંતી છે.

Scanned with OKEN Scanner